પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ ચાલ    વર્ષ : ૨૯    અંક : ૨૭૦    કુલ પાના : ૪    તારીખ : ૦૮-૦૭-૨૦૨૬ બુધવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ૨૦૦૮ના અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં હાઈકોર્ટનો ચુકાદો, ૩૮ આતંકવાદીઓને ફાંસીની સજા યથાવત





## હાઈકોર્ટે સજાના ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપ્યો, આરોપીઓ સુપ્રીમના દ્વાર ખખડાવશે

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે આજે, મંગળવારે ૨૦૦૮ના અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં પોતાનો ચુકાદો સંભળાવ્યો. હાઈકોર્ટે ૩૮ આતંકવાદીઓને મૃત્યુદંડની સજા અને ૧૧ આતંકવાદીઓને આજીવન કેદની સજા યથાવત રાખી છે. હાઈકોર્ટે શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં ૫૬ મૃતકોના પરિવારોને ૧૦ લાખ રૂપિયા અને ૨૦૦ થી વધુ ઘાયલોને ૧ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ પણ આપ્યો છે. કોર્ટ દ્વારા સંભળાવવામાં આવેલી ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત્ રાખવાનો આદેશ આપ્યો હતો. જે બાદ આરોપીઓ દ્વારા હાઈકોર્ટમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો. જેને ધ્યાને રાખી ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપ્યો છે. જેથી હવે ૩ મહિના સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઈકોર્ટે આપેલી સજાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે.

એ યાદ રહે કે ૨૬ જુલાઈ, ૨૦૦૮ ના રોજ, અમદાવાદમાં માત્ર ૭૦ મિનિટના સમયગાળામાં એક પછી એક ૨૧ વિસ્ફોટ થયા. આ શ્રેણીબદ્ધ વિસ્ફોટમાં ૫૬ લોકોએ જીવ ગુમાવ્યા. હુમલાખોરોએ નરોડા, બાપુ નગર, સરખેજ અને હાટકેશ્વર જેવા ભીડભાડવાળા વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. હોસ્પિટલો, બસો, જાહેર સ્થળો અને બજારોમાં બોમ્બ મૂકવામાં આવ્યા હતા.

બોમ્બ સાયકલ પરના ટિફિન બોક્સમાં છુપાવવામાં આવ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની સિટી બસ સેવાને નિશાન બનાવીને અનેક વિસ્ફોટ કરવામાં આવ્યા હતા, જેમાં બસો નાશ પામી હતી. શરૂઆતના વિસ્ફોટોના લગભગ ૪૦ મિનિટ પછી, બે અલગ અલગ હોસ્પિટલોના પરિસરમાં બે વિસ્ફોટ થયા. શરૂઆતના વિસ્ફોટોના પીડિતોને દાખલ કરવામાં આવી રહ્યા હતા ત્યારે એક વિસ્ફોટ થયો.

૨૦૨૨ માં, કેસના ૧૪ વર્ષ પછી, સેશન્સ કોર્ટે ૩૮ આતંકવાદીઓને મૃત્યુદંડ અને ૧૧ને આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટે આ કેસને દુર્લભ ગણાવ્યો હતો અને મૃત્યુદંડ યોગ્ય ગણાવ્યો હતો. તેણે માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકોના પરિવારોને વળતર આપવાનો પણ આદેશ આપ્યો હતો. આ પહેલી વાર છે જ્યારે કોઈ કોર્ટે ૩૮ આરોપીઓને કોઈ કેસમાં દોષિત ઠેરવ્યા છે અને તેમને મૃત્યુદંડની સજા ફટકારી છે. ત્યારબાદ, બધા દોષિતોએ નીચલી અદાલતના નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. રાજ્ય સરકારે પણ ફાંસીની સજામાં ફેરફાર કરવા માટે હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી. કાયદા મુજબ, કોઈપણ ગુનેગારને ફાંસીની સજા માટે હાઈકોર્ટની મંજૂરી જરૂરી છે. તેથી, સજા પામેલા દોષિતોએ નીચલી અદાલતના નિર્ણય સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

જે આરોપીઓને ફાંસીની સજાના આપવામાં આવી છે તેમાં જાહિદ ઉર્ફે જાવેદ કુતુબુદ્દીન શેખ,ઈમરાન ઈબ્રાહિમ શેખ,ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ,શમ્સુદ્દીન ઉર્ફે શમ્સુ શહાબુદ્દીન શેખ,ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અન્સારી,મોહમ્મદ આરિફ મોહમ્મદ ઈકબાલ કાગઝી,મોહમ્મદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહમ્મદ અનીસ અગરબત્તીવાળા,યુનુસ મોહમ્મદભાઈ મન્સૂરી,કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહમ્મદ નગોરી,આમિલ પરવેઝ ઉર્ફે સિકંદર કાજી સૈફુદ્દીન શેખ,શિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ,સફદરહુસૈન ઉર્ફે હુસૈનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નગોરી,હાફિઝહુસૈન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન,મોહમ્મદ સાજિદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સૂરી,અબુબસર ઉર્ફે મુફ્તિ ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ,અબ્બાસ ઉમર સામેજા,જાવેદ અહેમદ સાદિર અહેમદ શેખ (સૈયદ),મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજિક ઉર્ફે મુસાફ ઉર્ફે ફુરકાન મોહમ્મદ ઈશાક મન્સૂરી,અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજિત સિંહ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલિબ ઉસ્માની,મોહમ્મદ આરિફ ઉર્ફે આરિફ બદર ઉર્ફે લાદાન બદરૂદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ,આસિફ ઉર્ફે હસન બશીરુદ્દીન શેખ,મોહમ્મદ આરિફ નસીમ અહેમદ મિર્ઝા,કયામુદ્દીન ઉર્ફે મૂસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદિર ઉર્ફે રિઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડિયા,મોહમ્મદ સૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સદાબ અહેમદ શેખ,ઝીશાન અહેમદ એહસાનઅહેમદ શેખ,જિયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ,મોહમ્મદ શકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર,મોહમ્મદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ,ફઝલ-એ-રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદિકખાન દુરાની,અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી,સરફુદ્દીન ઉર્ફે શરીફ એટ સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ,સૈફ-ઉર-રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અન્સારી,સાદુલી ઉર્ફે હારિસ અબ્દુલકરીમ મુસ્લિમ,મોહમ્મદ તનવીર ઉર્ફે તલ્હા મોહમ્મદ અપ્બર પઠાણ,આમીન ઉર્ફે રાજા અયુદ નાઝિર શેખ,મોહમ્મદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન,મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમઝેબ અફિદી મસ્કુર અહેમદ,તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનો સમાવેશ થાય છે

ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં સીરીયલ બ્લાસ્ટ કેસની સુનાવણી રોજેરોજ (ડે ટુ ડે બેઝીઝ પર) લગભગ દોઢ વર્ષ સુધી ચાલી હતી, આટલો લાંબો સમય ડે ટુ ડે બેઝીઝ પર કોઈ કેસની સુનાવણી ચાલી હોય તેવો આ પ્રથમ કેસ છે. એટલું જ નહીં, આ કેસ બહુ જ સંવેદનશીલ હોઈ હાઈકોર્ટે તેના લાઈવ સ્ટ્રીમીંગ પર પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો, જે પણ એક નોંધનીય બાબત આ કેસમાં હતી. વર્ષ ૨૦૦૮માં અમદાવાદના ચકચારભર્યા સીરીયલ બ્લાસ્ટ કેસમાં સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટ દ્વારા તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ૩૮ આરોપીઓને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ખૂબ જ મહત્વના આ કેસમાં ફાંસીની સજા પામનાર ૩૮ આરોપીઓની દેહાંત દંડની સજા થથાવત્ રાખવા માટે રાજય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કન્ફર્મેશન કેસની અપીલ દાખલ કરાઈ છે. હાઈકોર્ટ ૩૮ આરોપીઓની દેહાંત દંડની સજા કાયમ ના કરે ત્યાં સુધી તેઓને ફાંસી આપી શકાય નહી, તેથી સરકારે કન્ફર્મેશન (ફાંસીની સજા યથાવત્ રાખવા) માટે માંગ કરી છે.

આ કેસમાં ૪૯ આરોપીઓ હોઈ તેમના બચાવ માટે ૧૦૦થી વધુ વકીલો, જેમાં બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત જજ, મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ સહિતના કાયદાકીય નિષ્ણાતો, સિનિયર કાઉન્સેલ અને એડવોકેટો સહિત ૧૦૦થી વધુ વકીલોની ફોજ મેદાનમાં ઉતરી હતી, જે પણ આ કેસમાં એક ઐતિહાસિક ઘટના બની રહી હતી. સુપ્રીમ કોર્ટે ઝડપી કેસ ચલાવવાનું કહેતા ૧,૨૩૭ સાક્ષીઓ પડતા મુકાયા બ્લાસ્ટ કેસમાં કુલ ૭૭ આરોપીઓની ધરપકડ કરાઈ હતી, જેમાં તપાસનીશ એજન્સી દ્વારા કુલ ૨,૪૦૦ જેટલા સાક્ષીઓ ચાર્જશીટમાં દર્શાવ્યા હતા.

આ કેસની સંવેદનશીલતાને જસ્ટિસ અલ્પેશ વાય. કોગજે અને સમીર જે. દવેની ખંડપીઠે ગયા વર્ષે તા.૪-૩-૨૦૨૫ના રોજ મહત્ત્વના આ કેસની ઝડપી અને અસરકારક સુનાવણી હાથ ધરવાના આશયથી આ મેટર 'પાર્ટ હર્ડ' (કેસની આખરી સુનાવણી ના થાય ત્યાં સુધી આ ખંડપીઠ સમક્ષ સુનાવણી નિર્ધારિત) કરી દીધી હતી અને કન્ફર્મેશન કેસની સુનાવણી રોજેરોજ હાથ ધરવાનું જાહેર કર્યુ હતું. ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં સિરીયલ બ્લાસ્ટ કેસની સુનાવણી રોજેરોજ દોઢ વર્ષ સુધી ચાલી હતી. આટલો લાંબો સમય ડે ટુ ડે બેઝીસ પર કોઈ કેસની સુનાવણી ચાલી હોય તેવો આ પ્રથમ કેસ છે. એટલું જ નહીં, આ કેસ બહુ જ સંવેદનશીલ હોઈ હાઈ કોર્ટે તેના લાઈવ સ્ટ્રીમિંગ પર પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો.

# આસામમાં ૧.૭૨ લાખ ગેરકાયદેસર વિદેશીઓની ઓળખ, ૩૧,૭૮૯ લોકોને પાછા મોકલવામાં આવ્યા,હિમંતા બિસ્વા

ગોવાહાટી,

આસામમાંથી હાંકી કાઢવામાં આવેલા ગેરકાયદેસર વિદેશીઓની સંખ્યા વિશે માહિતી બહાર આવી છે. આસામ સરકારે વિધાનસભાને માહિતી આપી કે આસામ કરારની જોગવાઈઓ હેઠળ અત્યાર સુધીમાં ૧.૭૨ લાખથી વધુ ગેરકાયદેસર વિદેશીઓની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી ૩૧,૭૮૯ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આ લેખિત જવાબ આસોમ ગણ પરિષદના ધારાસભ્ય દિપ્તીમયી ચૌધરીના પ્રશ્નનો આપ્યો હતો.

વિધાનસભામાં બોલતા, સીએમ શર્માએ જણાવ્યું હતું કે આસામમાં ગેરકાયદેસર રીતે રહેતા કુલ ૧૭૨,૬૭૩ વિદેશીઓની ઓળખ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર અત્યાર સુધીમાં આસામમાંથી ૩૧,૭૮૯ ગેરકાયદેસર વિદેશીઓને દેશનિકાલ કરવામાં સફળ રહી છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે આ લોકો કયા દેશોના નાગરિક હતા.

સીએમ શર્માએ જણાવ્યું હતું કે આમાંથી, ૪૭૦ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, ૨૯,૬૬૩ લોકોને સરહદ પાર પાછા મોકલવામાં આવ્યા હતા, ૧,૫૭૨ લોકોને કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર પાછા મોકલવામાં આવ્યા હતા, અને ૮૪ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.રાજ્યના ગૃહ વિભાગનો હવાલો સંભાળતા હિમંત બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે વિદેશી (નાગરિકો) ટ્રિબ્યુનલમાં ૭૩,૭૫૯ અન્ય શંકાસ્પદ ગેરકાયદેસર વિદેશીઓના કેસો પેન્ડિંગ છે. આસામ કરાર મુજબ, ૨૫ માર્ચ, ૧૯૭૧ ના રોજ અથવા તે પછી આસામમાં પ્રવેશેલા તમામ વિદેશીઓની ઓળખ કરવામાં આવશે. તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે, અને તેમને દેશનિકાલ કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

મુખ્યમંત્રીએ એ પણ માહિતી આપી હતી કે હાલમાં, ગોલપારા ખાતે ટ્રાન્ઝિટ કેમ્પમાં ૧૭૪ વિદેશી નાગરિકોને રાખવામાં આવ્યા છે. ટ્રાન્ઝિટ કેમ્પને અગાઉ ડિટેન્શન સેન્ટર કહેવામાં આવતું હતું.

આસામમાં ગેરકાયદેસર ઘૂસણખોરીનો મુદ્દો ઘણા દાયકાઓથી રાજકીય, સામાજિક અને સુરક્ષા દ્રષ્ટિકોણથી ખૂબ જ સંવેદનશીલ રહ્યો છે. તે મુખ્યત્વે પડોશી બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશતા લોકો સાથે સંબંધિત છે. રાજ્ય અને કેન્દ્ર સરકારો કહે છે કે ગેરકાયદેસર ઈમિગ્રેશનથી આસામની વસ્તી વિષયક, સંસાધનો અને આંતરિક સુરક્ષા પર અસર પડી છે.

# ગુજરાતમાં ખાદ્ય તેલના ભાવમાં ફરી વધારો: ત્રણ દિવસમાં સિંગતેલના ડબ્બે ૫૦ અને કપાસિયા તેલમાં ૨૦નો ઉછાળો

અમદાવાદ,

ગુજરાતમાં સામાન્ય પરિવારોના રસોડાના ખર્ચમાં ફરી વધારો થયો છે. ખાદ્ય તેલના ભાવમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવમાં કુલ ૫૦નો વધારો નોંધાયો છે, જ્યારે કપાસિયા તેલના ડબ્બામાં પણ ૨૦નો વધારો થયો છે. ભાવ વધારાથી ગ્રાહકો અને નાના વેપારીઓ બંને પર આર્થિક ભાર વધ્યો છે.બજારના વેપારીઓના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી ખાદ્ય તેલના ભાવમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. તેમાં ખાસ કરીને સિંગતેલના ભાવમાં ઝડપી વધારો નોંધાયો છે. માત્ર ત્રણ દિવસમાં જ ડબ્બા દીઠ ?૫૦નો વધારો થતાં ગ્રાહકોને વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે.બીજી તરફ કપાસિયા તેલના ભાવમાં પણ ૨૦નો વધારો થયો છે. આ વધારાની સીધી અસર ઘરેલુ બજેટ પર પડી રહી છે.વેપારીઓના જણાવ્યા પ્રમાણે ભાવ વધારા પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. જેમાં મુખ્યત્વે કાચા માલના ભાવમાં વધારો, બજારમાં પુરવઠાની અનિશ્ચિતતા, માંગમાં વધારો, પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં વધારો આ તમામ પરિબળોની અસર ખાદ્ય તેલના બજાર પર જોવા મળી રહી છે.

સતત વધી રહેલા ખાદ્ય તેલના ભાવને કારણે ગૃહિણીઓ અને મધ્યમવર્ગીય પરિવારોમાં ચિંતા વધી છે. દૈનિક ઉપયોગની આવશ્યક વસ્તુઓના વધતા ભાવને કારણે માસિક ઘરખર્ચનું આયોજન કરવું વધુ મુશ્કેલ બનતું જઈ રહ્યું છે.


## સુરત અને નવસારી સહિત

# સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્ય

સુરત,

દક્ષિણ ગુજરાતમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલ સોમવાર (૬ જુલાઈ)ની મોડી રાતથી શરૂ થયેલો ધોધમાર વરસાદ આજે મંગળવારે સવારે પણ અવિરતપણે વરસી રહ્યો છે, જેના કારણે સમગ્ર જનજીવન પ્રભાવિત થયું છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સુરત શહેરની તમામ સ્કૂલો બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આજ રીતે નવસારી જિલ્લામાં વરસાદની સ્થિતિને જોતા શાળા કોલેજોમાં રજા જાહેર કરાઈ છે.

હવામાન ખાતાના મોડી રાત્રિના બુલેટિન અને ભારે વરસાદની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા વિદ્યાર્થીઓની સલામતી માટે એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકા અને જિલ્લાની તમામ



નગરપાલિકા વિસ્તારોમાં આવેલી તમામ શાળાઓમાં આજે (૦૭/૦૭/૨૦૨૬, મંગળવાર) વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ રજા જાહેર કરવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારોની શાળાઓ માટે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા કે નહીં તે અંગેનો અંતિમ નિર્ણય શાળાના આચાર્યઓએ પોતાની વિવેકબુદ્ધિ અને વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખીને લેવાનો રહેશે.


નવસારી જિલ્લામાં વરસાદની સ્થિતિને જોતા શાળા કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણીએ મોડી રાતે ટ્વીટ કરી આ વિશે માહિતી આપી છે. નવસારી અને ઉપરવાસના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જિલ્લાની આંગણવાડી, શાળાઓ, કોલેજો અને આઈટીઆઈ બંધ રાખવાની જાહેરાત કરી છે. જોકે જિલ્લા કલેક્ટરની જાહેરાત છતાં ઘણી શાળાઓમાં ચાલુ રહી છે.

મોડી રાતથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે સુરત શહેર અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રસ્તાઓ પર પાણી ફરી વળતા વહેલી સવારથી જ વાહનચાલકો અને નોકરિયાત વર્ગ મુશ્કેલીમાં મુકાયો છે. પરિસ્થિતિને કાબૂમાં રાખવા અને ઈમરજન્સી સેવાઓ માટે સુરત કોર્પોરેશન દ્વારા કંટ્રોલરૂમને ૨૪ કલાક કાર્યરત કરી દેવામાં આવ્યો છે.સુરત જિલ્લા કલેક્ટર પોતે સમગ્ર સ્થિતિ પર સીધી નજર રાખી રહ્યા છે. પૂર અને પાણી ભરાવાની સંભાવના ધરાવતા વિસ્તારોમાંથી પળેપળની માહિતી મેળવીને વહીવટી તંત્રને 'રાઉન્ડ ધ ક્લોક' સજ્જ રહેવા અને બચાવ રાહત કામગીરી માટે એલર્ટ રહેવા આદેશો આપવામાં આવ્યા છે.

## ડાયમંડ નગરી સુરત વરસાદમાં ડૂબી

# સુરત જિલ્લામાં ૩૪ રસ્તા બંધ:ભારે વરસાદને કારણે પુલો પર પાણી ફરી વળ્યું



સુરત

સૌરાષ્ટ્ર બાદ હવે દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ દેખાડતા ભારે તારાજી સર્જી છે. સુરત, વલસાડ, તાપી અને નર્મદા સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદથી જનજીવન વ્યાપકપણે પ્રભાવિત થયું છે. ક્યાંક રસ્તાઓ નદીમાં ફેરવાયા છે, તો ક્યાંક ડેમ ઓવરફ્લો થતાં હાઈએલર્ટ અપાયું છે. સુરત શહેરમાં માત્ર બે કલાકમાં જ ૪ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો હતો, જ્યારે સરેરાશ ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે પર્વત પાટીયા વિસ્તાર સહિતના અનેક રસ્તાઓ બેટમાં ફેરવાયા હતા.

સુરતના કામરેજમાં સાડા છ ઈંચ અને સુરત શહેરમાં ૫ ઈંચ ધોધમાર વરસાદથી રસ્તાઓ બેટમાં ફેરવાયા હતા અને શહેરીજનો પરેશાન થયા હતા. સૌથી વધુ વલસાડના વાપીમાં સાડા આઠ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર થયો છે. સુરતમાં બે કલાકમાં ચાર ઈંચ સહિત સરેરાશ પાંચ ઈંચ જેટલા વરસાદ નોંધાયો છે. આજે ૧૦૦ તાલુકામાં મેઘમહેર થઈ હતી. જેમાં ૧ ઈંચથી વધુ વરસાદ હોય તેવા ૪૦ તાલુકા હતા.કીમ-માંડવી સ્ટેટ હાઈ-વે ઘૂંટણસમા પાણી ભરાતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક વાહનો પાણીમાં ખોટકાયા હતા. વલસાડના વાપીમાં સૌથી વધુ સાડા આઠ (૮.૫) ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વહેલી સવારે પણ છીપવાડ અને અંડરપાસ સહિતના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ભારે વરસાદને પગલે રાજ્યના અનેક જળાશયોમાં પાણીની માતબર આવક થઈ છે, જેના કારણે નદીકાંઠાના ગામોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ગાયકવાડી શાસન સમયનો ઐતિહાસિક ડોસવાડા વિયર ડેમ ઓવરફ્લો થયો છે. ડેમની સપાટી પરથી ૨.૪ સે.મી. પાણી વહી રહ્યું હોવાથી હેઠવાસના ૧૭ ગામોને હાઈએલર્ટ કરાયા છે. અમરેલી જિલ્લાના ૧૦માંથી ૭ મોટા જળાશયો ઓવરફ્લો થયા છે. રાત્રે ઠેબી ડેમના ૬ દરવાજા ખોલાયા હતા, જે હાલ ૩ દરવાજા ૨ ફૂટ સુધી ખુલ્લા રખાયા છે. અમરેલી, ફતેપુર, પ્રતાપગઢ અને ચાપાથળ ગામોને નદી કિનારે ન જવા કડક સૂચના અપાઈ છે.

આજે સવારે ૬ થી ૮ વાગ્યા સુધીના માત્ર બે કલાકમાં જ રાજ્યના ૭૬ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જેમાં તાપીના વાલોડમાં પોણા ૩ ઈંચ (૨.૭૫) અને સુરતના કામરેજમાં અઢી ઈંચ (૨.૫) વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત સુરતના પલસાણા, નવસારીના ગણદેવી અને વલસાડના ધરમપુર-પારડીમાં પણ ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સરેરાશ ૬.૫૦ ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્રમાં ૨૪%, ઉત્તર ગુજરાતમાં ૨૧%, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૨.૩૫% અને કચ્છમાં માત્ર ૦.૪૨% વરસાદ વરસ્યો છે.

zydus hospitals Vadodara

ઝાયડસ હૉસ્પિટલ વડોદરાના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ દ્વારા સ્પેશ્યલ OPD બોડેલી ખાતે

PRAMUKH HOSPITAL

10 જૂલાઈ 2026, શુક્રવાર

પેટ, આંતરડા અને લિવરને લગતી તમામ રોગોના નિષ્ણાત

ડૉ. રૂચિર ગોહિલ

MD, DNB (Gastroenterology)

- એન્ડોસ્કોપી, કોલોનોસ્કોપી, ERCP, EUS ના નિષ્ણાત
- એસીડીટી, ગેસ, ખોરાક અટકવો
- લાંબા સમયથી કબજિયાત, ઝાડા, પેટમાં દુખાવો, IBS, વજન ઘટાડો /વધારો
- હિપેટાઇટિસ, લીવર કેન્સર, ફેટી લીવર અને લીવર ને લગતા તમામ રોગ
- પિત્તાશયની પથરી, પિત્તાશયની નળીની પથરી, પેનક્રિયોટાઇટિસ અને સ્વાદુપિંડ ને લગતા રોગો
- ઉલટી અને સંડાસ માં લોહી આવવું
- IBD ના નિષ્ણાત

રાહત દરે એન્ડોસ્કોપી માત્ર ₹5800/-

સમય : સવારે 11 થી 1 સુધી | કન્સલ્ટેશન ફી માત્ર ₹500/-

સ્થળ: પ્રમુખ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ., સ્વામિનારાયણ મંદિર પાસે, છોટાઉદેપુર રોડ, આરાધ્યા હોસ્પિટલ સામે, બોડેલી.

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો: 94051 91916

ઝાયડસ હૉસ્પિટલ, અક્ષર ચોક, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - 390 020, ગુજરાત.

# કવાંટ તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેર એમ.એલ.એ. ગ્રાન્ટના બીલ મંજુર કરવા રૂા.૧૧,૫૦૦ની લાંચ લેતા એ.સી.બી.ના છટકામાં ઝડપાયા

કવાંટ,

છોટાઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા અધિક મદદનીશ ઈજનેર હર્ષવર્ધન કાશીરામ પટેલને લાંચ લેતા એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા છે. તેમણે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કાર્યોના બિલ મંજૂર કરવા માટે રૂા.૧૧,૫૦૦ની લાંચ સ્વીકારી હતી. આ ટ્રેપ ૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગોઠવવામાં આવી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદીએ વર્ષ ૨૦૨૫માં ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રૂા.૨,૫૦,૦૦૦ની સંરક્ષણ દિવાલ અને રૂા.૫,૦૦,૦૦૦ના



મજૂર કલ્યાણ કેન્દ્ર હોલનું નિર્માણ પોતાના સ્વ-ખર્ચે કરાવ્યું હતું. આ બંને કામોના બિલ મંજૂર કરવા માટે આરોપી હર્ષવર્ધન પટેલે ૫ ટકા લેખે રૂા.૩૭,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.લાંચની રકમ અંગે રકઝક થયા બાદ રૂા.૩૫,૦૦૦ લેવાનું નક્કી થયું હતું. જોકે, ફરિયાદી લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીએ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. કવાંટ તાલુકા પંચાયત કચેરી, બાંધકામ શાખાની ઓફિસમાં ગોઠવવામાં આવેલી આ ટ્રેપ દરમિયાન આરોપી હર્ષવર્ધન પટેલે ફરિયાદી પાસેથી સંરક્ષણ દિવાલના કામ માટે રૂા.૧૧,૫૦૦ની લાંચની માંગણી કરી સ્વીકારી હતી, અને તે જ સમયે એસીબી દ્વારા તેમને ઝડપી લેવામાં આવ્યા હતા. એસીબીએ લાંચની સ્વીકારેલી રકમ રૂા.૧૧,૫૦૦ રિકવર કરી છે.

# અજાણ્યા ચોરે મૂર્તિમાં ત્રણ ભાગ કરી દેતાં હિન્દુ સમાજમાં રોષ:ડોલરીયા ગામમાં હનુમાનજીની મૂર્તિ ખંડિત કરી દાનપેટીની ચોરી

ખાનપુર

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાંથી ધાર્મિક લાગણી દુભાવનારી એક આઘાતજનક ઘટના સામે આવી છે. ખાનપુર તાલુકાના ડોલરીયા ગામમાં આવેલા હનુમાનજી મંદિરને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું છે. અસામાજિક તત્વો દ્વારા મંદિરની પવિત્ર મૂર્તિને ખંડિત કરી દાનપેટીની ચોરી કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ અને તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

ખાનપુરના ડોલરીયા ગામ ની સીમ માં હનુમાનજી નું મંદિર આવેલ છે.સોમવારે ગ્રામજનો



મંદિર માં દર્શન કર્યા હતા. અજ્ઞાત ચોરોએ ડોલરીયા ગામના હનુમાનજી મંદિરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મંદિરમાં રાખેલી દાનપેટીની ચોરી કરવા સાથે ક્રૂરતા પૂર્વક હનુમાનજીની મૂર્તિના ત્રણ ભાગ કરી તેને ખંડિત કરી નાખી હતી.જ્યારે ગ્રામજનો મંદિરે દર્શનાર્થે પહોંચ્યા ત્યારે આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. મંદિરની તૂટેલી મૂર્તિ જોઈને ભકતો સ્તબ્ધ થઈ ગયા હતા.ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન મંદિરમાં તોડફોડ અને ચોરીની ખબર વાયુવેગે ગામમાં ફેલાઈ જતાં મોટી સંખ્યામાં લોકો મંદિર પરિસરે ઉમટી પડ્યા હતા. પવિત્ર મૂર્તિ ખંડિત થવાને કારણે ગામ લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.ગ્રામજનો દ્વારા આ અંગે તાત્કાલિક બાકોર પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ બાકોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડીને તપાસ હાથ ધરી છે. હિન્દુ સમાજ દ્વારા આરોપીઓને વહેલી તકે પકડી પાડી કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

૧૧ થી ૫ માં મંદિરમાં ચોર ઘૂસ્યો ગામની સીમમાં આવેલ હનુમાનજીના મંદિરમાં સવારે અમે દર્શન કરીને ગયા હતા. સવારના ૧૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધીના ગાળામાં કોઈ અજાણ્યો તોફાની તત્વ મંદિર માં ઘૂસીને હનુમાનજીની મૂર્તિના ખંડિત કરીને ત્રણ ભાગ કરી દીધા છે. અને મંદિરમાં ચોરી કરીને મંદિરમાં બધું અસ્તવ્યસ્ત કરી દઈને અમારા હિંદુઓની ધાર્મિક લાગણી દુભાવી છે.પોલીસ મૂર્તિ ખંડિત કરનારને વહેલી તકે પકડીને કાર્યવાહી કરે તેવી અમારી માંગ છે.

# પાવી જેતપુરના ઝાબ પાણીબારનો કોઝવે ધોવાતા પંથકના ગામોને અવરજવરમાં મુશ્કેલી



છોટા ઉદેપુર,

પાવી જેતપુર તાલુકાના ઝાબ પાણીબાર ગામ પાસેનો કોઝવે ધોવાઈ ગયો છે. ભારે વરસાદને કારણે કોઝવે તૂટી પડતાં આસપાસના અનેક ગામોના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

છોટા ઉદેપુર જીલ્લામાં ગઈકાલે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. પાવી જેતપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડચો હતો. આ અવિરત વરસાદને કારણે ઝાબ પાણીબાર ગામ નજીકના ટોકરવા કોતરમાં ભારે પૂર આવ્યું હતું. કોતરમાં આવેલા પૂરે કોઝવેને ધોઈ નાખ્યો હતો. આ કોઝવે ધોવાઈ જતાં બોરધા, નાની અમરોલ, સજૂલી, દેગલા સહિતના પંથકના અન્ય ગામોના લોકોને અવરજવર માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ અંતરિયાળ વિસ્તારમાં ચોમાસા દરમિયાન કોતરોમાં વારંવાર પૂર આવે છે. આવા સમયે કોઝવે હોવાને કારણે લોકોને જીવનું જોખમ ખેડીને અવરજવર કરવી પડે છે. સ્થાનિકો દ્વારા આ કોઝવેના સ્થાને નાળું અથવા નાનો પુલ બનાવવાની માંગ કરવામાં આવી રહી છે.

# પાવી જેતપુરની શાળામાં દીકરીઓ સાથે સુરક્ષા અને આત્મવિશ્વાસ : કલેકટરના ઈન કલાસરૂમ

છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લાના કલેક્ટર ગાર્ગી જૈને આદિવાસી દીકરીઓમાં આત્મવિશ્વાસ અને સુરક્ષાની ભાવના વધારવા માટે 'કલેક્ટર ઈન ક્લાસરૂમ' કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ અંતર્ગત, તેમણે પાવી જેતપુરની વી.આર. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાની બાળકીઓમાં આત્મવિશ્વાસ પેદા કરવાનો અને તેમને પોતાની સુરક્ષા માટે તૈયાર કરવાનો છે. કલેકટર ગાર્ગી જૈન અઠવાડિયામાં એક દિવસ આ કાર્યક્રમ હેઠળ વિવિધ



શાળાઓની મુલાકાત લે છે અને વિદ્યાર્થીનીઓ સાથે સીધો સંવાદ કરે છે.

સંવાદ દરમિયાન, કલેકટરે પુસ્તકીયા જ્ઞાન ઉપરાંત જીવનલક્ષી શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે આરોગ્ય, માસિક સ્વચ્છતા, વ્યકિતગત સ્વચ્છતા, કારકિર્દી, નેતૃત્વ અને જીવન કૌશલ્ય જેવા વિષયો પર ચર્ચા કરી હતી. ખાસ કરીને, વ્યકિતગત સુરક્ષા, 'ગુડ ટચ' અને 'બેડ ટચ' જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર વિસ્તૃત અને અસરકારક ચર્ચા કરવામાં આવી હતી.

આ સંવાદમાં, કલેક્ટર ગાર્ગી જૈને પોતાનો એક અંગત અનુભવ પણ શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે જ્યારે તેઓ પાંચ-છ વર્ષના હતા ત્યારે બસમાં મુસાફરી દરમિયાન એક અજાણ્યા વ્યકિતએ તેમની સાથે અયોગ્ય વર્તન કર્યું હતું. તે સમયે તેઓ નાના હોવાથી ઘટનાને સંપૂર્ણપણે સમજી શક્યા ન હતા, પરંતુ તે સ્પર્શથી થયેલી અસ્વસ્થતા અને ડર લાંબા સમય સુધી તેમના મન પર રહ્યો હતો. આ અનુભવ સાંભળીને આખો વર્ગખંડ નીઃશબ્દ બની ગયો હતો.

કાર્યક્રમના અંતે, કલેકટર ગાર્ગી જૈને દીકરીઓને એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે કોઈપણ અયોગ્ય સ્પર્શ કે વર્તનને ક્યારેય સામાન્ય ન ગણવું જોઈએ. ડરીને મૌન રહેવાને બદલે, માતા-પિતા, શિક્ષક અથવા કોઈપણ વિશ્વાસપાત્ર વડીલને તાત્કાલિક જાણ કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે મૌન સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ સમયસર બોલવું એ જ સૌથી મોટી સુરક્ષા છે.

કલેકટરનો આ નવતર અભિગમ સંવેદનશીલ વહીવટ અને સાચા શિક્ષણનું ઉદાહરણ પૂરું પાડે છે. આવી પહેલ સમાજમાં મોટું પરિવર્તન લાવી શકે છે અને વહીવટીતંત્ર તથા સમાજ વચ્ચે વિશ્વાસનો સેતુ બાંધે છે. કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા કરવામાં આવેલી આ પહેલથી જીલ્લાની શાળાની બાળકીઓમાં આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

# બ્રહ્મોસથી લઈને અસ્ત્ર મિસાઈલ સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાની મુલાકાતે છે. મંગળવારે, ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં પ્રધાનમંત્રીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું. જકાર્તાના રાષ્ટ્રપતિ મહેલમાં પીએમ મોદીના આગમન પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુબિયાન્ટોએ પ્રોટોકોલ તોડીને પીએમ મોદીનું સ્વાગત કર્યું. તેમને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પીએમ મોદી અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ દ્વિપક્ષીય બેઠક યોજી અને સંયુક્ત નિવેદન બહાર પાડ્યું.

પીએમ મોદી અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો વચ્ચેની બેઠક દરમિયાન, ઈન્ડોનેશિયાના સશસ્ત્ર દળોને બ્રહ્મોસ મિસાઈલોની સપ્લાય, દરિયાઈ સુરક્ષા સહયોગને મજબૂત બનાવવા, મહત્વપૂર્ણ ખનિજોની સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા અને સ્ટીલ, નિકલ અને દુર્લભ પૃથ્વી કાયમી ચુંબકના ઉત્પાદનમાં રોકાણ કરવા અંગે કરાર થયા હતા. વધુમાં, ભારત અને ઈન્ડોનેશિયાએ વ્યૂહાત્મક રીતે



મહત્વપૂર્ણ સબાંગ બંદરને સંયુક્ત રીતે વિકસાવવાનો નિર્ણય લીધો છે. આ બંદર મલાક્કા સ્ટ્રેટની નજીક સ્થિત છે અને ભારતના ગ્રેટ નિકોબાર બંદર પ્રોજેક્ટથી આશરે ૧૦૦ માઈલ દૂર છે. અહેવાલો અનુસાર, ઈન્ડોનેશિયાએ ભારતથી હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો આયાત કરવાનો પણ નિર્ણય લીધો છે.

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના કરારોની યાદી

ખનિજ અને સ્ટીલ સપ્લાય ચેઈન ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ માટે સમજૂતી કરાર

દરિયાઈ સલામતી અને સુરક્ષા સહયોગ અને અમલીકરણ વ્યવસ્થાના વિસ્તરણ પર સમજૂતી કરાર

દુર્લભ પૃથ્વી ચુંબકના વિકાસ પર નોન-ફેરસ મટિરિયલ્સ ટેકનોલોજી ડેવલપમેન્ટ સેન્ટર, મિડવેસ્ટ લિમિટેડ અને પીટી પરમિનાસ વચ્ચે સમજૂતી કરાર

હવા-થી-હવા મિસાઈલ સહકાર કરાર

સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાઅને પંડિત. ક્રાકાટાઉ સ્ટીલ વચ્ચે વ્યૂહાત્મક સંયુક્ત સાહસ

શાંતિપૂર્ણ હેતુઓ માટે બાહ્ય અવકાશના સંશોધન અને ઉપયોગોમાં સહકાર માટે ફ્રેમવર્ક કરારનું વિસ્તરણ

યોગકાર્તામાં પ્રમ્બાનન મંદિર સંકુલના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે ભારતની સહાય - 'વિરાસત તેમજ વિકાસ'

કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સહકાર માટે સમજૂતી કરાર

તબીબી ઉત્પાદનોના નિયમનના ક્ષેત્રમાં સહયોગ માટે સીડીએસસીઓ અને બીપીઓએમ વચ્ચે સમજૂતી કરાર

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ઈન્ડોનેશિયાની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સી વચ્ચે સમજૂતી કરાર

દૂરસંચાર ટેકનોલોજી અને સેવાઓના ક્ષેત્રમાં સહયોગ માટે સમજૂતી કરાર

સંશોધન, ટેકનોલોજી અને નવીનતામાં સહયોગ માટે સમજૂતી કરાર

આરોગ્ય કાર્યબળ સહકાર પર અમલીકરણ વ્યવસ્થા

આઈએફસી આઈઓઆર ખાતે ઈન્ડોનેશિયન સંપર્ક અધિકારીની નિમણૂક - આ વાસ્તવિક સમયની દરિયાઈ માહિતી વહેંચણીમાં સુધારો કરશે

ઈન્ડોનેશિયાને ૧૦૦ ટન ઉચ્ચ-ગુણવત્તાવાળા ડીડબ્લ્યુઆર ૧૬૨ ઘઉંના બીજનો પુરવઠો

ટાગોર-દેવંતરા સાંસ્કૃતિક અને શૈક્ષણિક રાજદ્વારી વર્ષનું આયોજન

ઈન્ડોનેશિયાના સિંઘાસરી જીઈઢ માં ભારતીય ટેકનોલોજી સંસ્થા મેનેજમેન્ટ, બેંગ્લોરમાં એક શાખા કેમ્પસની સ્થાપના.

ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ અને ઈન્ડોનેશિયા ઓપન નેટવર્ક વચ્ચે સહયોગ.

ભારતના ચૂંટણી પંચ અને ઈન્ડોનેશિયાના જનરલ ઈલેકશન કમિશન વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા છે પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ સુબિયાન્ટો સાથે સંયુક્ત નિવેદન દરમિયાન ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરને પણ યાદ કર્યા. પીએમ મોદીએ વૈશ્વિક તણાવ વચ્ચે ભારત અને ઈન્ડોનેશિયાની સહિયારી શક્તિ પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે બંને દેશો ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની ઈન્ડોનેશિયાની ઐતિહાસિક મુલાકાતની શતાબ્દી ખૂબ જ ઉત્સાહથી ઉજવશે. મહાન શિક્ષણશાસ્ત્રી અને ઈન્ડોનેશિયાના પ્રથમ શિક્ષણ પ્રધાન દેવંતરાએ દેશના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. શિક્ષણ અંગેના તેમના વિચારો ગુરુદેવ ટાગોરના દર્શનથી ખૂબ પ્રભાવિત હતા. તેથી, ભારત અને ઈન્ડોનેશિયા આ શતાબ્દી વર્ષને 'ટાગોર-દેવંતરા સાંસ્કૃતિક અને શૈક્ષણિક રાજદ્વારી વર્ષ' તરીકે ઉજવશે.

પીએમ મોદીના જણાવ્યા અનુસાર, આવતીકાલે, બુધવારે, રાષ્ટ્રપતિ પ્રબોવો સાથે યોગ્યાકાર્તામાં પ્રમ્બાનન મંદિર સંરક્ષણ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવશે. એક હજાર વર્ષથી વધુ જૂનું પ્રમ્બાનન મંદિર ભારત અને ઈન્ડોનેશિયાના સહિયારા સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. બંને દેશો વચ્ચેની વાતચીત દરમિયાન, એ પણ સંમતિ થઈ હતી કે મહત્વપૂર્ણ ખનિજ પુરવઠા શૃંખલાને મજબૂત બનાવવા માટે, ભારત ઈન્ડોનેશિયામાં સ્ટીલ, નિકલ અને દુર્લભ-પૃથ્વી કાયમી ચુંબકના ઉત્પાદનમાં રોકાણ કરશે.

## જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ- જાડા મોહંમદસફીક અબ્દુલસત્તાર,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના (૧) ભાઈ નામે જાડા અબ્દુલ રહેમાન અબ્દુલસત્તારનું તા.૦૧/૧૨/૧૯૬૨ (૨) ભાઈ નામે જાડા નિસારઅહમદ અબ્દુલસત્તારનું તા.૦૯/૧૧/૧૯૬૮ તથા (૩) ભાઈ નામે જાડા જાબીર અબ્દુલસત્તારનું તા.૦૫/૦૧/૧૯૭૭ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈઓના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૭૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૬, માહેઃ- જુલાઈમને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

## જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નંબરઃ- ૫૮૩/૨૦૨૬ તા.૦૩/૦૭/૨૦૨૬

અરજદારઃ ડામોર નગરસીંગભાઈ સુમલાભાઈ રહે.વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, વજેલાવ,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર નગરસીંગભાઈ સુમલાભાઈના પુત્ર દેવરાજ નગરાભાઈ ડામોરનો જન્મ તા.૨૦/૧૦/૨૦૧૧નારોજ ગામ.વજેલાવ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,વજેલાવા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૦૩/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં.૧૯૮/૨૦૨૬, તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદાર- શ્રી સંગોડ નવલાભાઈ પીદાભાઈ , રહે.પાવ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,પાવ, તા.ધાનપુર, જી.દાહોદ.

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ નવલાભાઈ પીદાભાઈ તેમના પુત્ર-પુત્રી નામે ૧.શ્રી સંગોડ સંગીતાબેન નવલાભાઈની જન્મ તા.૧૯/૦૨/૨૦૧૫, ૨. શ્રી સંગોડ પૂજાબેન નવલાભાઈની જન્મ તા.૨૪/૦૫/૨૦૧૭,૩. શ્રી સંગોડ કિશનભાઈ નવલાભાઈની જન્મ તા.૧૦/૦૩/૨૦૧૨, ૪.શ્રી સંગોડ અક્ષયભાઈ નવલાભાઈની જન્મ તા.૨૦/૧૧/૨૦૨૨ નારોજ મુ.પાવ, તા.ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર-પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ,તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર-પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૨૯ માહે જુનનારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભ: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે, જેના કારણે થોડી ખોટ રહેશે.

મિથુન:ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક:વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે. પરંતુ આત્મવિશ્વાસ વધ્યા પછી શક્તિમાં વધારો થશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે. સમાજમાં શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે અને સામાજિક વર્તુળમાં પણ વધારો થશે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલના ગોધરા તાલુકામાં ચાંદીપુરા વાયરસથી બે બાળકોના મોત બાદ જીલ્લા આરોગ્ય તંત્ર એકશનમાં

## આરોગ્ય વિભાગની ૬૮૨ ટીમી દ્વારા સર્વે અને સેમ્પલીંગ હાથ ધરાયું





ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ચોમાસાની શરૂઆત સાથે ચાંદીપુરા વાયરસે ચિંતા ઉભી કરી છે. ગોધરા તાલુકાના વિંઝોલ અને સરદારપુર ગામે ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો સામે આવ્યા બાદ બે માસુમ બાળકોના મોત થતા સમગ્ર જીલ્લામાં ફફડાટનો માહોલ સર્જાયો છે.

ગોધરા તાલુકાના બે ગામોમાં ચાંદીપુરા વાયરસ બે બાળકોના મરણ ગયા હોવાનું સામે આવ્યું છી. આરોગ્ય વિભાગે કુલ ૪ શંકાસ્પદ કેસોની ઓળખ કરી હતી. જેમાંથી બે બાળકોના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા અને તેમની સારવાર વડોદરાના એસ.એસ.જી. હોસ્પિટલમાં ચાલી રહી છે. જયારે અન્ય બે બાળકોએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો છે. બે બાળકોના મોત બાદ જીલ્લા આરોગ્ય તંત્ર તાત્કાલીક એકશન મોડમાં આવ્યું છે. વાયરસનો વધુ ફેલાવો અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. જીલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ હાલમાં જીલ્લામાં ૬૮૨ આરોગ્ય ટીમો કાર્યરત છે. જયારે વિંઝોલ અને સરદારપુર ગામમાં ખાસ ૧૦ જેટલી ટીમોને સર્વે, સેમ્પલીંગ અને સારવાર માટે તૈનાત કરવામાં આવી છે. આરોગ્ય કર્મચારીઓ ઘરે–ઘરે જઈને લોકોની તપાસ કરી રહ્યા છે. તેમજ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂનાઓ એકત્રીત કરીને તપાસ માટે મોકલી આપ્યા છે. સરકાર દ્વારા ચાંદીપુરા વાયરસ માટે માર્ગદર્શિકા મુજબ કેસ નોંધાયેલા વિસ્તારોમાં ૧૦૦ મીટર ત્રિજયામાં ડસ્ટીંગ અને સ્પ્રેઈંગ કરી સેન્ડ ફલાય (રેતીની માખી)ઓનો નાશ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

# વારંવાર વીજ પુરવઠો ખોરવાતા કાલોલના મોકળ ગામ સહિત અનેક ગામોના ગ્રામજનોએ વેજલપુર ભાદરોલી સબ સ્ટેશન ખાતે આવી રોષ વ્યકત કર્યો




કાલોલ,

કાલોલ તાલુકાના મોકળ ગામના જાગૃત નાગરિકોએ વેજલપુર–ભાદરોલી GEB સબ સ્ટેશનની કામગીરી સામે ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે. છેલ્લા એક મહિનાથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વરસાદ, પવન કે વાવાઝોડા જેવી કોઈ અસામાન્ય પરિસ્થિતિ ન હોવા છતાં પણ અચાનક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે રોજિંદા જીવન, ખેતી, વેપાર–ધંધા તેમજ અન્ય જરૂરી કામકાજ પર ગંભીર અસર પડી રહી છે.આ સમસ્યાની અસર માત્ર મોકળ ગામ પૂરતી મર્યાદિત નથી. કાનોડ, નાની કાનોડ, બપોરની મુવાડી, ભીલીદ્રા, અંબાલા, ઝેરના મુવાડા, સણસોલી, હરખાપુરા અને પાની મુવાડી સહિતના ગામોના રહેવાસીઓએ પણ વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદ કરી છે. ગ્રામજનોએ GEBના અધિકારીઓને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવી તમામ અસરગ્રસ્ત ગામોમાં નિયમિત અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે, વીજ બિલ સમયસર ન ભરવામાં આવે તો GEB દ્વારા તાત્કાલિક વીજ કનેક્શન કાપી નાખવામાં આવે છે. ત્યારે ગ્રાહકોને પણ ગુણવત્તાસભર અને નિયમિત વીજ સેવા મળવી જોઈએ. ફરિયાદમાં બતાવેલ કોઈ પણ ફોન ઉપર ફોન કરવામાં આવે તો અધિકારીઓ ફોન ઉપાડતા નથી. જો સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

# કાલોલ નગરપાલિકાની નબળી કામગીરીનો ઉત્તમ નમુનો : અર્બન હેલ્થ સેન્ટર પાસે વધુ એક ટ્રક રોડમાં ખૂપી ગઈ, લોકોમાં ભારે રોષ


કાલોલ,

કાલોલ નગરપાલિકા વિસ્તારમાં ભ્રષ્ટાચાર અને લોલમલોલ કામગીરીના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરમાં બિસ્માર રસ્તાઓ અને તકલાદી કામોને કારણે અવારનવાર નાના–મોટા વાહનો રોડમાં ખૂપી જવાના બનાવો બની રહ્યા છે, જેમાં આજે વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે. આજે વહેલી સવારે મધ્યપ્રદેશ (MP) પાસિંગની એક ટ્રક કાલોલ નગરમાં પ્રવેશ કરી રહી હતી, તે દરમિયાન અર્બન હેલ્થ સેન્ટર નજીક અચાનક રોડ બેસી જતાં ટ્રકનું પાછળનું વ્હીલ બોડી સહિત રોડની અંદર ખૂપી ગયું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને પાલિકા તંત્રની નબળી કામગીરી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.કાલોલમાં તકલાદી કામોને કારણે વાહનો ફસાવાનો આ કોઈ પહેલો બનાવ નથી. તાજેતરમાં જ પટેલ ફળિયા પાસે એક ટ્રક ગટરના તકલાદી નાળામાં ઉતરી ગઈ હતી. શેઠ ફળિયા પાસેઃ ઈંટો ભરેલા ટ્રેક્ટરનું વ્હીલ પણ રોડમાં ધસી ગયું હતું.સ્થાનિકોમાં ચાલતી ચર્ચાઓ મુજબ, પાલિકા તંત્રમાં ચાલતી મિલીભગત, ભાગબટાઈની નીતિ અને આંતરિક જૂથવાદના કારણે વિકાસ કામોની ગુણવત્તા સાવ કથળી ગઈ છે, જેનું નુકસાન નિર્દોષ નગરજનો ભોગવી રહ્યા છે લોકમુખે ચર્ચાતી વિગત મુજબ, ચૂંટણી સમયે ધર્મ, જ્ઞાતિ અને સમાજના નામે રાજનીતિ રમાય છે, જેના વશ થઈને પ્રજા આંખો મીંચીને સત્તાધારી પક્ષને મત આપી દે છે. પરંતુ જીત્યા પછીના ૫ વર્ષ સુધી સત્તાધીશો પ્રજાની અપેક્ષાઓ પર ખરા ઉતરતા નથી. નવાઈની વાત એ છે કે પ્રજા આગલી ટર્મની હાલાકી ભૂલીને ફરી એ જ લોકોને સત્તા સોંપે છે, જેથી સ્થિતિ જસની તસ રહે છે.

### ચોમાસામાં જોખમી બન્યા માર્ગો...

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે કાલોલના બિસ્માર રસ્તાઓ પરથી પસાર થવું જીવનું જોખમ ખેડવા બરાબર બની ગયું છે. નગરમાં ઠેર–ઠેર મસમોટા ખાડા પડી ગયા છે. નવાઈની વાત તો એ છે કે, પ્રજાના ટેક્સના પૈસે ચાલતા પાલિકા તંત્ર પાસે આ જોખમી ખાડાઓ પુરવાનો પણ સમય નથી, જેને લઈને જનતામાં સત્તાધીશો સામે તીવ્ર નારાજગી વ્યાપી છે.

# જાંબુઘોડાના નારૂકોટ રોડ ઉપર વરસાદ અને પવનથી વૃક્ષ પડતા પોલીસ સ્ટાફે રસ્તો ખુલ્લો કરી વાહન વ્યવહાર પૂર્વવત કર્યો




ગોધરા,

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા નજીક નારૂકોટ રોડ પર ભારે વરસાદ અને પવનને કારણે એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. આ ઘટનાને પગલે રાત્રિના સમયે રસ્તો બંધ થઈ ગયો હતો, પરંતુ જાંબુઘોડાના પી.એસ.આઈ. પી.આર. ચુડાસમાએ સ્ટાફ સાથે તાત્કાલિક કાર્યવાહી કરીને રસ્તો ફરીથી શરૂ કરાવ્યો હતો.

લાંબા વિરામ બાદ પંચમહાલ જીલ્લામાં ગઈકાલે સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. વાવાઝોડા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જાંબુઘોડા અભ્યારણ્ય વિસ્તારમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો, જેના કારણે નારૂકોટ ગામ પાસે વિજ્ઞાન કોલેજ સામે આ વૃક્ષ રોડ પર પડ્યું હતું.રાત્રિના સમયે હાલોલ ડી.વાય.એસ.પી. વી.જે. રાઠોડ નાઈટ પેટ્રોલિંગમાં હતા. તેમને આ ઘટનાની જાણ થતાં, કોઈ અકસ્માત ન સર્જાય તે માટે તેમણે તાત્કાલિક જાંબુઘોડા પી.એસ.આઈ. પી.આર. ચુડાસમાને ટેલિફોનિક જાણ કરી હતી.પી.એસ.આઈ. ચુડાસમા તુરંત જ પોતાના સ્ટાફ સાથે નારૂકોટ પહોંચ્યા હતા. ચાલુ વરસાદે તેમણે જાતે જ રોડ પર પડેલા વૃક્ષની ડાળીઓ કાપીને હટાવી હતી. આ ઝડપી કામગીરીના કારણે વાહનવ્યવહાર તાત્કાલિક પૂર્વવત થઈ શક્યો હતો. તેમની આ પ્રશંસનીય કામગીરીને સ્થાનિક લોકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

# શહેરામાં વરસાદી માહોલને લઈને ખેડૂતો ખુશખુશાલ થયા

## શહેરામાં મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થતા હાઈવે જળબંબોળ, કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયો.



શહેરા,

શહેરામાં સોમવારની મધ્યરાત્રિએ ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર પધરામણી થઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ અને ગરમીથી તોબા પોકારી ઉઠેલા સ્થાનિક રહીશોને આ વરસાદના કારણે મોટી રાહત મળવા સાથે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.. મંગળવારે પણ દિવસભર વરસાદી માહોલ રહ્યો હતો, જેના પગલે ખેડૂતોમાં ભારે ખુશીની લહેર જોવા મળી હતી.

શહેરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોએ ગરમીથી રાહતનો અનુભવી હતી. સોમવારે મધ્યરાત્રિ એ વરસાદ વરસ્યા બાદ મંગળવારે છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. જોકે વરસાદની શરૂઆત સાથે જ શહેરા નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને કલાકો સુધી વીજ પુરવઠો બંધ રહ્યો હતો. બીજી તરફ બે દિવસની ગરમી બાદ આવેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો,કારણ કે ખેતીના પાકો માટે પણ આ વરસાદ ફાયદાકારક માનવામાં આવી રહ્યો છે. તો મધ્ય રાત્રિ એ પડેલા વરસાદને કારણે નગર વિસ્તારમાં અણિયાદ ચોકડી પાસે પસાર થતા હાલોલ–શામળાજી મુખ્ય સ્ટેટ હાઈવે પર પાણી ભરાઈ જવાના કારણે વાહનવ્યવહારને વ્યાપક અસર પહોંચી હતી. રસ્તા પર નદી જેવા દ્રશ્યો સર્જાતા ત્યાંથી પસાર થતા વાહનચાલકો, ખાસ કરીને ટુ–વ્હીલર અને નાના વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક વાહનો પાણીમાં બંધ પડી જતાં ચાલકોને હાથેથી ઢસડીને વાહનો બહાર કાઢવાની ફરજ પડી હતી.,આમ ચોમાસાની શરૂઆતમાં જ હાઈવે પર વરસાદી પાણી ભરાતા તંત્રની પ્રિ–મોન્સૂન કામગીરી પર પણ સવાલ ઉભા થયા છે.

# ઝાયડસ હોસ્પિટલ દ્વારા 'હૃદય અને શ્વાસ મંચ'નું સફળ આયોજન

## ૬૫૦થી વધુ નાગરિકોએ ઉપસ્થિત રહી હૃદય અને ફેફસાંના આરોગ્ય અંગે મૂલ્યવાન માર્ગદર્શન મેળવ્યું.



વડોદરા,

ઝાયડસ હોસ્પિટલ, વડોદરા દ્વારા હૃદય અને ફેફસાંના આરોગ્ય પ્રત્યે જનજાગૃતિ લાવવાના હેતુથી 'હૃદય અને શ્વાસ મંચ' નામના વિશેષ જાહેર આરોગ્ય સંવાદનું સફળ આયોજન સર સયાજી નગર ગૃહ, અકોટા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૬૫૦થી વધુ નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી, જે શહેરમાં આરોગ્ય જાગૃતિ પ્રત્યે લોકોના વધતા રસનું પ્રતિબિંબ છે.

કાર્યક્રમમાં ઝાયડસ હોસ્પિટલના અનુભવી કાર્ડિયોલોજિસ્ટ ડો. બિપિન ચંદ્ર દસારી અને ડો. સૌરભ બિસ્વાસ તેમજ પલ્મોનોલોજિસ્ટ ડો. યતીન જોષી અને ડો. નીલ ઠક્કર દ્વારા હૃદય અને ફેફસાંને લગતા વિવિધ રોગો, તેમના જોખમકારક પરિબળો, સમયસર નિદાન, આધુનિક સારવાર અને નિવારણ અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્યક્રમનું સંચાલન જાણીતા ગુજરાતી લેખક, વક્તા અને કોલમિસ્ટ જય વસાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની અસરકારક રજૂઆત અને ડોકટરો સાથેના સંવાદથી કાર્યક્રમ વધુ જીવંત અને રસપ્રદ બન્યો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત નાગરિકોના પ્રશ્નોના નિષ્ણાત ડોક્ટરોએ સંતોષકારક જવાબો આપ્યા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કર્યા.

ડો. મેધાવીનીઆચાચિત ઝાયડસ હોસ્પિટલના COO એ જણાવ્યું કે, ભવિષ્યમાં પણ વિવિધ આરોગ્ય વિષયો પર આવા જનજાગૃતિ કાર્યક્રમો યોજી લોકોને આરોગ્ય પ્રત્યે વધુ સજાગ બનાવવાના પ્રયાસો ચાલુ રહેશે.સ્વસ્થ હૃદય અને સ્વસ્થ શ્વાસ સ્વસ્થ જીવનનો આધાર''ના સંદેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમને ઉપસ્થિત લોકોએ ખૂબ જ સરાહ્યો.

# ગોધરામાં વી કલબ ડિસ્ટ્રિક્ટ 323 F-1 ની ભવ્ય ઈન્સ્ટોલેશન સેરેમની યોજાઈ



ગોધરા,

ગોધરા વી કલબ ઓફ એસોસિએશન ડિસ્ટ્રિક્ટ ૩૨૩ ૨–૧ અંતર્ગત ગોધરાની પાંચ કલબોની ઈન્સ્ટોલેશન સેરેમની ભવ્ય રીતે યોજાઈ હતી. કાર્યક્રમમાં મહાનુભવો મલ્ટીપલ ડિસ્ટ્રિક્ટ પ્રમુખ વી. કાશ્મીરાબેન પાઠક, આઈ.પી. ડી.પી. વી હર્ષાબેન પંચાલ, વી વર્ષાબેન ભગત, વી મનીષાબેન માણકેની અધ્યક્ષતામાં નવી ટીમની હોદ્દાની જવાબદારીઓ સોંપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નવી ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને આગામી વર્ષ દરમિયાન સમાજસેવા, મહિલા સશક્તિકરણ તથા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કલબના સભ્યો મહાનુભવો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી સામે જ ગંદકીના સામ્રાજ્યથી ભારે રોષઃ કતલ કરેલા જાનવરોના અંગો અને મરઘીના પીંછાની રેલમછેલ

## સરકારી કચેરીઓથી માત્ર થોડા જ ડગલાં દૂર નરકાગાર જેવી સ્થિતિ.



કાલોલ,

કાયદો–વ્યવસ્થા અને વહીવટી તંત્રના પ્રતીક સમાન ગણાતી સરકારી કચેરીઓની સામે જ જો ગંદકીના ગંજ ખડકાયેલા હોય, તો સમગ્ર શહેરની સ્વચ્છતાની સ્થિતિ કેવી હશે? કાલોલ નગરમાં અત્યારે બિલકુલ આવું જ આઘાતજનક અને શરમજનક દ્રશ્ય જોવા મળી રહ્યું છે, જેના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં તંત્ર સામે પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે.

મળતી માહિતી મુજબ, કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીની બિલકુલ સામેના ભાગમાં છેલ્લા ઘણા સમયથી ગંદકીના મોટા ઢગલા જામ્યા છે. મટન અને ચિકનની દુકાન ધરાવતા કેટલાક બેજવાબદાર તત્વો દ્વારા અહીં કતલ કરેલા જાનવરોના અંગો, હાડકા, મરઘીના પીંછા તેમજ માછલીના અવશેષો અને ગંધ મારતો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને જાહેરમાં ફેંકી દેવામાં આવે છે.સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ જગ્યાથી માત્ર થોડા જ ડગલાં દૂર પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી આવેલી હોવા છતાં જવાબદારો સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામે, રખડતા કૂતરા અને અન્ય જાનવરો આ કચરાને ઢસડીને મુખ્ય માર્ગ પર ફેલાવી દે છે. આના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી ગઈ છે અને સ્થાનિક સ્તરે રોગચાળો ફેલાવવાનું જોખમ ચરમસીમાએ પહોંચ્યું છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા કાલોલ પોલીસ સ્ટેશનમાં જ યોજાયેલી શાંતિ સમિતિની બેઠકમાં આ ગંભીર મુદ્દો ગાજ્યો હતો. બેઠકમાં હાજર શહેરના બુદ્ધિજીવી નાગરિકો દ્વારા કાલોલના પીઆઈ આર.ડી. ભરવાડ અને કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા સમક્ષ રૂબરૂમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જોકે, આ રજૂઆતને લાંબો સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી આ ગંદકી દૂર કરવા કે જવાબદારોને પાઠ ભણાવવા માટે કોઈ જ નક્કર પગલાં લેવાયા નથી, જે તંત્રની ઉદાસીનતા છતી કરે છે.

સરકારી કચેરીઓની સામે જ જો આવી નરકાગાર સ્થિતિ હોય, તો બાકીના શહેરની હાલતની કલ્પના જ ધ્રુજાવી દે તેવી છે. દરરોજ સેંકડો અરજદારો અને વાહનચાલકો માટે અહીંથી પસાર થવું અસહ્ય બની ગયું છે. ત્યારે જનતામાં કેટલાક વેધક સવાલો ઉઠી રહ્યા છે : નગરપાલિકા દ્વારા મટન–ચિકનની દુકાન ધરાવતા વેપારીઓ પાસે કચરાના નિકાલની યોગ્ય વૈજ્ઞાનિક વ્યવસ્થા છે કે કેમ, તેની કોઈ તપાસ ક્યારેય કરવામાં આવે છે ખરી?જો દુકાનદારો આમતેમ કચરો ફેંકીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા રહેશે, તો તેમના પર ક્યારે કાયદાકીય સકંજો કસાશે? સ્થાનિક રહીશોની માંગ છે કે નગરપાલિકા અને વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે આ ગંદકીના ઢગલા દૂર કરાવી ત્યાં સફાઈ કરાવે, કચરાપેટી (ડસ્ટબીન) મુકવાની વ્યવસ્થા કરે અને જાહેરમાં કચરો ફેંકતા તત્વો સામે સીસીટીવી કેમેરા કે અન્ય માધ્યમોથી વોચ રાખીને કડક દંડાત્મક કાર્યવાહી કરે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું વહીવટી તંત્ર અને નગરપાલિકા આ શરમજનક સ્થિતિમાંથી ક્યારે જાગશે?